**આર્થિક રીતે પછાત વર્ગના લોકોને અપાતી મફત તબીબી સહાયની યોજના.**

---

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ-સશપ/૧૪૦૮/ન.બા.૨૭/અ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૨૯-૩-૦૯

<u>વંચાણે લીધા :-</u>

(૧) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ-સશપ-૧૪૯૨-૧૭૮૩-(૨)-અ. તા.૨-૧૨-૯૨.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ-સશપ/૧૪૯૮/ન.બા.૪/અ. તા.૨૬-૫-૯૯.

<u>ઠરાવ :-</u>

વંચાણે લીધા ક્રમાંક (૧) તથા (૨)માં જણાવેલ ઠરાવથી આર્થિક રીતે પછાત વર્ગના લોકોને ટી.બી.,કેન્સર,રકતપિત્ત જેવા રોગો માટે જરૂરી દવાઓ તથા પૌષ્ટિક આહાર માટે મફત તબીબી સહાયની યોજનાનો લાભ આપવામાં આવે છે. આ યોજનામાં અરજદારની આવક-મર્યાદા રૂા.૧૨૦૦૦/- હતી તે આવક મર્યાદા ભારત સરકારે તા.૨૨-૩-૯૯ના પત્રથી જાહેર કરેલ આવક મર્યાદા મુજબ વધારવાની બાબત સરકારના વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે આર્થિક રીતે પછાત વર્ગોના લોકોને અપાતી મફત તબીબી સહાય યોજનામાં આવક મર્યાદાનું ધોરણ ભારત સરકારે જાહેર કરેલ આવક મર્યાદાના ધોરણ મુજબ ગ્રામ્ય વિસ્તાર માટે રૂા.૧૫૯૭૬/- તથા શહેરી વિસ્તાર માટે રૂા.૨૧૨૦૬/- કરી રૂા.૩/-લાખની નવી બાબતને નીચેની શરતોને આધિન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) સને.૨૦૦૮-૦૯ના વર્ષની બજેટ જોગવાઈને આધિન રહીને નાણા વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ સરકારશ્રી ધ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઈઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

//૨//

675



(૩) યોજનાના ઠરાવોની મુળ શરતો/જોગવાઇ યથાવત રહેશે અને આ અંગેનો વધારાનો કોઇ ખર્ચ મળવાપાત્ર થશે નહીં.

(૪) આ અંગેનું ખર્ચ માંગણી ક્રમાંક-૯૨ મુખ્ય સદર-૨૨૨૫-અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ-મુખ્ય સદર-૦૩-પછાત વર્ગોનું કલ્યાણ-ગૌણ સદર-૨૮૨-આરોગ્ય પેટા સદર-બીસીકે-૧૧૬ મફત તબીબી સહાય (આ.પ.વ.) યોજના હેઠળ મંજુર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

(૫) આ યોજના અંગેનો ખર્ચ તા.૧-૪-૦૮ થી કરવાનો રહેશે.

(૬) આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં સલાહકારશ્રીની તા.૧૪-૩-૦૮ની નોંધથી આપેલ મંજૂરી આધારે કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

( બકુલ શાહ )
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
મા.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
અગ્રસચિવશ્રી(સા.ન્યા.અને અ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગાંધીનગર.
સર્વે નાયબ નિયામકશ્રી(વિકસતી જાતિ કલ્યાણ
સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિકસતી જાતિ કલ્યાણ)

પટેલ/એએન.૧/પે.૧૯૭/